અપીલ અરજી નં.૧૨૩ તા.૩–૭–૧૦/૧૧

અરજદારઃ– શ્રી કાર્તિકભાઈ મોહનભાઈ રાઉત
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાર્તિકભાઈ મોહનભાઈ રાઉતની તા.૩૧–૫–૧૦ નીઅરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા બાયોમેટ્રીક સર્વે અંગેના ફોર્મ નં.૮૪૯૭ અને બાયોમેટ્રીક નંબર એન/૪૫/૭૯૭ ની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩–૭–૧૦ ની **SMC/FAP/** નં.૧૨૩/૨૦૧૦–૧૧

શ્રી કાર્તિકભાઈ મોહનભાઈ રાઉતની તા.૩૧–૫–૧૦ની અરજીથી સુરત મહાનગરપાલિકા ધ્વારા બાયોમેટ્રીક સર્વે અંગેના ફોર્મ નં.૮૪૯૭ અને બાયોમેટ્રીક નંબર એન/૭૯૭ ની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે માંગેલ માહિતી આપવા બાબતે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩–૭–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૬૯ તા.૮–૭–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી(નોર્થઝોન) ને તથા અરજદારને અપીલ અરજીમાં તબદીલી હોય તો તે, મુળ અરજીની નકલ,ફી ભર્યાની વિગત તથા નારાજગીની વિગતો પણ જણાવેલ નથી તે અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૨૫૬૮ તા.૨૦–૭–૧૦ ની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી પોસ્ટ રિટર્ન થતા અરજદારનો તા.૩૧–૭–૧૦ ના રોજ ટેલીફોનીક સંપર્કથી ટપાલ રીટર્ન બાબતે જાણ કરેલ. જેમાં અરજદારે તા.૨–૮–૧૦ ના રોજ રૂબરૂ આવી વિગતો પૂરી પાડવા જણાવેલ પરંતુ અરજદારે પત્રના સંદર્ભમાં કોઈ વિગતો પૂરી પાડેલ નથી.

અરજદારની તા.૩૧–૫–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ સુરત મહાનગરપાલિકા તરફથી જે બાયોમેટ્રીક સર્વે થયેલ છે તે સર્વે નંબર એન/૪૫/૭૯૭ ચકાસણી કર્યાનું રીપોર્ટ અને અમારા બાયોમેટ્રીક સર્વે વખતે જે ફોટો પાડેલ તેને નકલની માહિતી તાત્કાલીક પુરી પાડવી. મુદ્દા નં.ર. કતારગામઝોન કાર્યાલયમાં જમીન મિલ્કત ખાતામાં જે આવાસના ફોર્મનું વિતરણ થઈ રહયું હતું તે સમયે અમારું ફોર્મ અમને નહીં પણ ત્રાહિત વ્યકિત પિતાંબર પ્રધાન નામના વ્યકિતને આપેલ તે ફોર્મ નં.૮૪૯૭ બાયોમેટ્રીક સર્વે નંબર એન/૪૫/૭૯૭ તે ફોર્મ વિતરણ કર્યાની તારીખ અને પિતાંબર પ્રધાનને જે સહી કરી ફોર્મ લઈ ગયેલ છે તેની રજીસ્ટર સહી વાળી નકલની માહિતી પૂરી પાડશો. મુદ્દા નં.૩. ફોર્મ ૮૪૯૭ બાયોમેટ્રીક નંબર ૪૫/ ૭૯૭ કર્યા બાદ કયા પદાધિકારીએ પિતાંબર પ્રધાનને ફોર્મ આપેલ તે અધિકારીનું પુરું નામ, પદાઅધિકારી તે અધિકારીને જે ડોકયુમેન્ટસથી નોકરી પામ્યા તે કાગળોની તમામ નકલ અને કેટલો પગાર ધરાવે છે તેની નકલો. શહેરમાં ગામોમાં પોતાના નામની કેટલી મિલ્કતો ધરાવે છે તેની માહિતી અને જે ફોર્મનું નં.૮૪૯૭ બાયોમેટ્રીક નંબર એન/ ૪૫/૭૯૭ તે ફોર્મ શું ત્રાહિત વ્યકિત પિતાંબર પ્રધાનને આપેલ છે અને અમો અરજદારને નહીં મળેલ તે શું કાયદાની અવજમાં બરારબર છે કે નથી તેની માહિતી. મુદ્દા નં.(૪) ફોર્મ નં.૮૪૯૭ બાયોમેટ્રીક નંબર એન/૪૫/૭૯૭ રાજીવનગરમાં આ ફોર્મનો કોયે ત્રાહિત વ્યકિતએ કોયના નામ પર ફરી સુરત મહાનગરપાલિકાને કયાંય છેતરીને મકાન તો નથી મેળવી લીધુંને ચકાસણી કરી લેખિતમાં માહિતી પૂરી પાડશો. જેના સંદર્ભે અરજદારે ૩૦ દિવસ બાદ અગાઉ અમે આપેલ નમુનામાં કોઈ પુરાવા અમારી પાસે નથી નમુના ક માં માહિતી માંગતી અરજી અગાઉ આપેલ છે તેવું જણાવી અપીલ અરજી તા.૩–૭–૧૦ ના રોજ કરેલ છે. પરંતુ અરજદારે નિયમ–૬ મુજબ અપીલ અરજી સાથે મુળ અરજીની નકલ ,ફી ભર્યાની વિગત, મળેલી માહિતીની નકલ રજૂ કરેલ નથી. ત્યાર બાદ અપીલ તબકકે આરટીઆઈ સેલ/ ૪૬૯ તા.૮–૭–૧૦ ના રોજ પત્ર પાઠવવામાં આવેલ. જે તા.૩૧–૭–૧૦ ના રોજ રીટર્ન થયેલ અપીલ અરજીમાં દર્શાવેલ મોબાઈલ ઉપર સંપર્ક કરતાં અરજદારે તા.૨–૮–૧૦ સુધીમાં રૂબરૂ આવીને આપવાનું જણાવેલ પરંતુ તે વિગતો અરજદારે પૂરી પાડેલ જણાતી નથી તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. નોર્થઝોન/આ.નં.૨૫૬૮ તા.૨૦–૭–૧૦ થી પૂરક વિગતોનો પત્ર મળેલ છે. જેમાં અરજદારને એન.ઝેડ/આ.નં.૨૩૧૯ તા.૧૨–૭–૧૦ થી માંગેલી માહિતી માટે જરૂરી રકમ ભરવા માટે પાઠવેલ છે જે રકમ ભર્યેથી અરજદારને માહિતી આપવામાં આવશે તેવી જણાવતી વિગત દર્શાવતો પત્ર મળેલ છે પરંતુ તે પત્રની નકલ અત્રે રજૂ કરેલ નથી તેમજ મુળ અરજીની વિગત કે ફી ભર્યાની વિગત પણ જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ નથી. જે નાગરીક સુવિધાકેન્દ્રના જાહેર જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતેથી મેળવવામાં આવેલ. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી ફી ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવવામાં આવેલ છે પરંતુ અરજદાર તરફથી ફી ભરીને માહિતી મેળવેલ છે કે કેમ? તે અંગે પક્ષકારો તરફથી કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. જાહેર માહિતી અધિકારીએ ફી ભરવાનો પત્ર તા.૧૨–૭–૧૦ ના રોજ એટલેકે કલમ–૭(૧) સાથે ૭(૩) ની જોગવાઈ ધ્યાને લેતાં ૧૩ દિવસના વિલંબથી પાઠવેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારે તા.૩૧–૫–૧૦ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નિયત સમય મર્યાદામાં પૂરી પાડેલ ન  હોય  નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે  અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા  ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ... ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી કાર્તિકભાઈ મોહનભાઈ રાઉત,